# જુનાગઢ મહાપાલિકા દ્વારા મહાશિવરાત્રી મેળામાં પ્રવાસી માહિતી કેન્દ્ર કાર્યરત

જુનાગઢ તા. ૨૨

ભાવનાથ ક્ષેત્રમાં મહાશિવરાત્રી કુંભમેળા-૨૦૧૯નો પ્રારંભ તા. ૨૬-૨-૨૦૧૯ મંગળવારથી શરૂ થનાર છે. મહાપાલિકા જુનાગઢ દ્વારા યાત્રાળુઓની સુખાકારી અર્થે પ્રતિવર્ષની માફક બે માહિતી કેન્દ્ર તદચોક, ભવનાથ, ભરડવાવ ખાતે તથા સેન્ટ્રલ કંટ્રોલરૂમ ઝોનલ ઓફીસ, ભાવનાથ ખાતે કાર્યરત કરવામાં આવેલ છે.

આ માહિતી કેન્દ્ર પર વિખુટા પડેલ લોકોને સહાય રૂપ થવા તેમજ જુનાગઢ શહેરની તમામ વિગત પ્રવાસીઓને મળી રહે તે માટે ૨૪ કલાક કંટ્રોલ રૂમ કાર્યરત છે. દતચોક માહિતી કેન્દ્ર, દ્વારા ભવનાથ વિસ્તારની તથા તમામ ઉતારાઓને વીજળી, પાણી, આરોગ્ય, સફાઈ વગેરેની ફરિયાદ લેવામાં આવશે તથા તેનુ નિરાકરણ કરવામાં આવશે. આ રીતે યાત્રીકોને તમામ પ્રકારની સુવિધા મળી રહે તેવા પ્રયત્નો મહાપાલિકા દ્વારા હાથ ધરાયેલ છે. યાત્રીકો માટે હેલ્પલાઈન નંબર માહિતી કેન્દ્ર, દત ચોક ૦૨૮૫-૨૬૨૦૧૮૦, ૦૨૮૫-૨૬૨૨૧૪૦ ઉપલબ્ધ છે. ભરડાવાવ ખાતે માહિતી કેન્દ્ર નં. ૦૨૮૫-૨૬૨૨૦૮૯ ઉપલબ્ધ છે. જાહેર જનતાને અને યાત્રીકોને હેલ્પલાઈન નંબરનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવે છે. તથા સેન્ટ્રલ કન્ટ્રોલ રૂમ ભવનાથ ઝોનલ ઓફીસ નં. ૦૨૮૫-૨૬૨૧૪૩૫, ૦૨૮૫-૨૬૨૨૦૧૧ કાર્યરત છે. જેમાં ફોન કરી જરૂરી વિગતો મેળવી શકાશે.

# જાહેરમાં જુગાર રમતા ૮ શખ્સો ઝડપાયા

## ૧,૨૧, ૬૫૦નો મુદ્દામાલ કબ્જે કરતી એલસીબી

ભાવનગર તા. ૨૨

ભાવનગર,એલ.સી.બી સ્ટાફનાં માણસો આજરોજ ભાવનગર સીટી માં નાઈટ રાઉન્ડમાં હતા. દરમ્યાન પો. કોન્સ. રાજેન્દ્રસિંહ બહાદુરસિંહ સરવૈયા ને બાતમીરાહે મળેલ હકિકત મતવા ચોક દાતાર પીરની દરગાહની બાજુમાં આવેલ ઝમઝમ હોટલની સામે ઈસા જીવાના ડેલામાં,ભાવનગર રેઈડ કરતાં જાહેરમાં ગોળ-કુંડાળું વળી ગંજીપતાનાં પાનાં તથા પૈસા વતી હારજીતનો તીનપતીનો જુગાર રમતાં વિજયભાઈ મુળજીભાઈ દેગામા ઉવ.૩૧ રહે. ભાવનગર, સુરેશભાઈ મગનભાઈ દેગામા ઉવ.૩૬ રહે. ભાવનગર, ઈરફાન ઉર્ફે બમદશા રજાકભાઈ રાઠોડ ઉવ.૩૯ રહે. ભાવનગર, ઈકબાલ ઉર્ફે થાપા મેસાભાઈ સુમરા ઉવ.૫૫ રહે. ભાવનગર, કાદરભાઈ ગફારભાઈ લોહિયા ઉવ.૪૮ રહે. ભાવનગર, સુનિલભાઈ વાલજીભાઈ મકવાણા ઉવ.૨૮ રહે. ભાવનગર, પ્રદિપભાઈ ભરતભાઈ ડાભી ઉવ.૨૮ રહે. ભાવનગર, શાકીર ઈબ્રાહિમભાઈ શેખ ઉવ.૩૩ રહે. ભાવનગર કુલ-૮માણસો ગંજીપતાનાં પાના,રોકડ રૂ.૩૦,૬૮૦/-,મોબાઈલ નંગ-૮ કિ.રૂ. ૩૧,૦૦૦/- વાહન નંગ-૨ કિ.રૂ. ૬૦,૦૦૦/- મળી કુલ રૂ.૧,૨૧,૬૮૦/-નાં મુદ્દામાલ સાથે પકડાય ગયેલ.જે તમામ મુદ્દામાલ કબ્જે કરી તમામની ધોરણસર અટકાયત કરવામાં આવેલ.તેઓ વિરૂધ્ધ નિલમબાગ પોલીસ સ્ટેશનમાં જુગાર પ્રતિબંધક ધારાની કલમ હેઠળ ગુન્હો દાખલ કરાવવામાં



આવેલ. અને આગળની વધુ કાર્યવાહી થવા માટે તેઓને નિલમબાગ પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ. આમ,જાહેરમાં તીનપતીનો જુગાર રમતાં આઠ ઈસમને કુલ રૂ.૧,૨૧,૬૮૦/-નાં મુદ્દામાલ સાથે પકડી પાડવામાં ભાવનગર,એલ.સી.બી. પોલીસને સફળતા મળેલ છે. આ સમગ્ર કામગીરીમાં એલ.સી.બી.નાં પો.સબ ઈન્સ. એન.જી.જાડેજા સુચના અને માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફનાં એ.એસ.આઈ. પરાક્રમસિંહ ગોહિલતથા હેડ કોન્સ. ભયપાલસિંહ ચુડાસમા તથા પો.કો. કેવલભાઈ સાંગા,ઈમ્તીયાઝખાન પાઠાણ,શકિતસિંહ ગોહિલ, અરવિંદભાઈ પરમાર વિગેરે સ્ટાફનાં માણસો જોડાયા હતાં.

# જસદણમાં ૧૭ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપતી આરઆરસેલ

ભાવેશ ગોહેલ - ઉપલેટા તા. ૨૨

રાજકોટ ગ્રામ્ય જીલ્લાના જસદણ પો.સ્ટે. વિસ્તારની હરીકૃષ્ણ ઓઈલ મીલના સેડમાંથી ઈંગ્લીશદારૂની નાની-મોટી બોટલ નંગ-૫૭૯૬ કિ.રૂ.૧૭,૧૨,૭૦૦/- મોબાઈલ ફોન-૨ કિ. રૂ.૨૫૦૦ મળી કુલ રૂ.૧૭,૧૫,૨૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરેલ છે

રેન્જમાં પ્રોહી. જુગારની બદી નાબુદ કરવા માટે રાજકોટ રેન્જના ડી.આઈ.જી.પી. સંદીપસિંહ આર.આર.સેલના પો.સ.ઈ. એમ.પી.વાળા તથા તેમની ટીમને પ્રોહીબીશન અંગેની અસરકારક કામગીરી કરવા જણાવેલ જે અન્વયે સેલની ટીમના માણસોને મળેલ હકીકત આધારે સ્ટાફના નરેન્દ્રસિહ રાણા, મનીશભાઈ વરૂ તથા દિગુભા ઝાલા નાઓએ જસદણ પો.સ્ટે. વિસ્તારના ગઢડીયા રોડ શિવનગરમાં આવેલ હરીકૃષ્ણ ઓઈલ મીલના સેડમાંથી ઈંગ્લીશ દારુની નાની-મોટી બોટલ નંગ-૫૭૯૬ કિ.રૂ.૧૭,૧૨,૭૦૦/- તથા મોબાઈલ ફોન-૨ કિ.રૂ.૨૫૦૦/- મળી કુલ રૂ.૧૭,૧૫,૨૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી હાજર મળી આવેલ આરોપી નં.(૧) જગદીશભાઈ ધીરુભાઈ હીરપરા રે.બજરંગનગર રામપરા જસદણ વાળાને ધોરણસર અટક કરી અને સદર ઈંગ્લીશ દારુનો જથ્થો



મંગાવનાર આરોપી નં.(૨) ભનુ ઉર્ફે કાળુભાઈ દાદાભાઈ ખાચર રહે.ચીતલીયા તા.જસદણ તથા આરોપી નં.(૩) હરેશ ઉર્ફે હકનભાઈ મનસુખભાઈ છાયાણી રહે. જસદણ વાળા તમામ વિરુધ્ધ જસદણ પો.સ્ટે. ગુનો રજી. કરાવવામાં આવેલ છે.

## ગુજરાત સરકારની સવર્ણો માટે મોટી જાહેરાત

# બિન અનામત વર્ગને વય મર્યાદામાં ૫ વર્ષની છૂટછાટ, ૪૫ વર્ષ સુધી મળશે લાભ

ગાંધીનગર,તા.૨૨

લોકસભા ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે સરકાર દ્વારા સવર્ણોને ૧૦ ટકા અનામતની જાહેરાત કરાઈ હતી. ત્યારે હવે સરકારી નોકરીઓમાં મહત્તમ ૫ વર્ષની છુટછાટ આપી છે. આ લાભ સવર્ણ જ્ઞાતિઓમાં આર્થિક રીતે પછાત જ્ઞાતિને મળશે.

રાજ્ય સરકારે ભરતીમાં ૫ વર્ષની છૂટ આપતો પરિપત્ર જાહેર કર્યો છે. વર્ગ-૧ની ભરતીમાં હાલ બિનઅનામત વર્ગના પુરુષોની વય મર્યાદા ૩૫ વર્ષની છે. સરકારના નવા પરિપત્રથી વર્ગ-૧ની ભરતીમાં પુરુષોને ૪૦ વર્ષ સુધી તક મળશે. વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪માં સામાન્ય કેટેગરીમાં પુરુષોની વય મર્યાદા ૩૩ છે. નવા પરિપત્રથી વર્ગ-૨-૩-૪માં સામાન્ય કેટેગરીના ઉમેદવારોને ૩૮ વર્ષ સુધી તક મળશે. મહિલા ઉમેદવારોને વર્ગ-૧માં ૪૦ વર્ષ સુધીની વય મર્યાદા લાગૂ થતી હતી. નવા પરિપત્રથી બિનઅનામત વર્ગની મહિલાઓને વર્ગ-૧ માટે ૪૫ વર્ષ સુધી તક મળશે. વર્ગ-૨-૩-૪માં સામાન્ય કેટેગરીની મહિલાઓ માટે ૩૮ વર્ષની મર્યાદા છે. નવા પરિપત્રથી વર્ગ-૨-૩-૪માં મહિલા ઉમેદવારોને ૪૩ વર્ષ સુધી તક મળશે. સામાન્ય વહીવટ વિભાગના જણાવ્યા અનુસાર, સર્વણ જ્ઞાતિઓમાં આર્થિક રીતે પછાત વર્ગો માટે સરકારી ભરતીમાં મહત્તમ ૫ વર્ષની વય મર્યાદામાં છૂટછાટ રહેશે. મહત્વનું છે કે, અગાઉ પણ સવર્ણ જ્ઞાતિઓ દ્વારા સરકારી નોકરીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષામાં વય મર્યાદામાં છૂટછાટ આપવામાં આવે તેવા સૂચનો કરાયા હતા. ત્યાર હવે સરકાર દ્વારા સરકારી ભરતીમાં મહત્તમ ૫ વર્ષની છૂટછાટ આપવામાં આવી છે.

## વર્ષ-૨૦૧૮ દરમ્યાન આ કાયદા હેઠળ ૨૫ ગુના નોંધવામાં આવ્યા

# જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવાના કિસ્સામાં ૧૦ વર્ષ સુધીની કેદની જોગવાઈ

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૨૨

જાહેર સંપત્તિને નુકશાન પહોંચાડવાના કિસ્સાઓમાં ભારત સરકારના ધી પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લીક પ્રોપટી એક્ટ-૧૯૮૪ની જોગવાઈ મુજબ ૧૦ વર્ષસુધીની કેદની સજા અને દંડની જોગવાઈ છે. ગુજરાતમાં વર્ષ-૨૦૧૮ દરમિયાન આ કાયદા હેઠળ ૨૫ ગુના નોંધવામાં આવ્યા છે. રાજયમાં આ કાયદાનું અસરકારક અમલીકરણ થઈ રહ્યુ છે,એમ ગૃહ રાજય પ્રધાન પ્રદિપસિંહ જાડેજાએ વિધાનસભા ગૃહમાં આ અંગે માહિતી આપી હતી.

ગુજરાતમાં જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબતના ધારાસભ્ય પૂર્ણેશભાઈ મોદીના બિન સરકારી વિધેયક પરની ચર્ચાનો જવાબ આપતા પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતુંકે, વિધેયકમાં રજૂ કરાયેલી જોગવાઈ કરતાં પણ વર્તમાનમાં અમલી કાયદામાં સજાની જોગવાઈ વધુ કડક છે. તેમણે જણાવ્યું હતું કે, જાહેર સંપત્તિને નુકશાન કરે તો પાંચ વર્ષ સુધીની કેદની સજા



અને દંડની જોગવાઈ છે. પાણી, લાઈટ, અગત્યના ઓઈલ-પેટ્રોલ ઈન્સ્ટોલેશન,બિલ્ડીંગ, ગટર,ખાણ, ફેકટરી, જાહેર પરિવહન,ટેલિકોમ્યુનિકેશન્સના સ્ટ્રકચરને નુકશાન પહોંચાડવાના કિસ્સાઓમાં ઓછામાં ઓછી ૬ માસની અને સધુમાં વધુ પાંચ વર્ષ સુધીની કેદની સજા અને દંડની જોગવાઈ છે.

જાહેર મિલકતને સળગાવી દેવાના અથવા વિસ્ફોટોથી નુકશાન પંહોચાડવાના કિસ્સામાં ઓછામાં ઓછામાં ઓછી ૧ વર્ષની અને વધુમાં વધુ ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને દંડની જોગવાઈ કરવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ પ્રકારના ગુના કરતાં પકડાયેલા આરોપી કસ્ટડીમાં હોય તો પ્રોસીકયુશનને રજૂઆતની તક આપ્યા સિવાય તેના જામીનપણ મંજૂર કરી શકાતા નથી.

પ્રદિપસિંહ જાડેજાએ વર્ષ-૨૦૧૮માં રાજયમાં આ કાયદા હેઠળ નોંધાયેલ ગુનાની વિગતો આપતાં કહ્યું હતું કે,અમદાવાદ શહેરમાં ૦૩,રાજકોટ શહેરમાં ૦૨,સુરત શહેર ૦૨,અમરેલી જિલ્લામાં ૦૫,ભાવનગર જિલ્લો ૦૪,બોટાદ જિલ્લો ૦૩,દાહોદ જિલ્લો ૦૧,દેવભૂમિ દ્વારકા ૦૧,જામનગર જિલ્લો ૦૧,જૂનાગઢ ૦૨, કચ્છ(પશ્ચિમ) ૦૧ એમ કુલ ૨૫ ગુના નોંધાયા છે. રાજયમાં હાલમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. રાજય સરકાર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી અને શાંતિ અને સલામતીની જાળવણી માટે સંપૂર્ણપણે પ્રતિબધ્ધ છે.





# ભાવનગરમાં એસ.પી. પી.એલ.માની બદલી જયપાલસિંહ રાઠોરની નિમણુંક

ભાવનગર,તા.૨૨

રાજ્યનાં ગૃહ વિભાગ દ્વારા હાલમાં આઈપીએસ કેડરનાં અધિકારીઓની ફેરબદલી કરવામાં આવી રહી છે. જેમાં આજે વધુ બદલી કરાઈ હતી તેમાં ભાવનગર જિલ્લા પોલીસ વડાની પણ બદલી કરવામાં આવી હતી. ભાવનગર એસ.પી. તરીકે ફરજ બજાવતા પી.એલ.માલની ગૃહ વિભાગ દ્વારા સુરત અમદાવાદ ઝોનનાં ડેપ્યુટી કમિશ્નર તરીકે પ્રમોશન સાથે બદલી કરવામાં આવી હતી જયારે અમદાવાદનાં ડેપ્યુટી જયપાલસિંહ રાઠોડની ભાવનગર એસ.પી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. આ ઉપરાંત અન્ય જિલ્લાનાં આઈપીએસની પણ બદલી કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાવનગર રેન્જ આઈજી બાદ સીટી ડીવાયએસપીની બદલી બાદ એસ.પી.ની પણ બદલી કરવામાં આવેલ હોય ભાવનગરનાં તમામ પોલીસ અધિકારી નવા બન્યા છે.

## સંવેદનશીલ સરકારનો પશુ કલ્યાણ માટે નિર્ણય

# ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા સુધાર બિલ પસાર

## ગૌશાળા પાંજરાપોળ જેવી સંસ્થાઓને જમીન ટોચ મર્યાદા કાયદામાંથી મુક્તિ મળશે : નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ

અમદાવાદ,તા.૨૨

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે ગૌમાતાની સેવા કરતી ગૌશાળા અને પાંજરાપોળ જેવી સંસ્થાઓને જમીન ટોચ મર્યાદા કાયદામાંથી મુકતી આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આજે વિધાનસભા ખાતે ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા સુધારા વિધેયક રજૂ કરતા નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યુ હતુ કે મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વવાળી સરકારે પશુ કલ્યાણ માટે આ મહત્વનો નિર્ણય કર્યો છે. ભૂતકાળમાં પણ આવી જમીન માટે થયેલી અપીલો પણ આપોઆપ રદ થશે અને વધુ જમીનો રાખવાની મંજૂરી આ સુધારાથી મળી શકશે. પટેલે ઉમેર્યું કે ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ ૧૯૬૦ અન્ય હેતુઓ પૈકી સાર્વજનિક ગીત શ્રેષ્ઠ રીતે સાધી શકાય તે માટે રાજ્યમાં અમુક મર્યાદાથી વધુ ખેતીની જમીન રાખવા પર નિયંત્રણ લગાવેલ છે. આ અધિનિયમ અંતર્ગત પાંજરાપોળ ગૌશાળાના નિભાવ માટે ઉપયોગમાં લેવા જમીનો જેને ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ હેઠળ સાર્વજનિક ટ્રસ્ટ તરીકે નોંધણી થયેલી જાહેર ધાર્મિક સંસ્થાની મિલકત હોવાને કારણે અથવા નિર્દિષ્ટ તારીખથી એક વર્ષની મુદતની અંદર અધિનિયમ હેઠળ એવા સાર્વજનિક ટ્રસ્ટ તરીકે નોંધણી કરી હોય તો નિર્દિષ્ટ તારીખની તરત જ પહેલા આ અધિનિયમની જોગવાઈઓ માંથી માફી આપવામાં આવી હતી. આમ છતાં પશુ કલ્યાણ માટે કામ કરતા કેટલાક ટ્રસ્ટો જે નિયત સમયમાં નોંધાયેલા ન હોય તેને નિયત કલમ હેઠળ માફી આપવામાં આવતી નથી. આવી સંસ્થાઓ માટે અલગ સાર્વજનિક ટ્રસ્ટ ની નોંધણી માટેની મુદતમાંથી મુક્તિ માટે આ સુધારા કરાયા છે. પટેલે કહ્યુ કે, આ માટે કોઈ જમીન રાજ્ય સરકારે ગૌશાળા કે પાંજરાપોળોને આપવાની નથી પરંતુ જે ગૌશાળાઓ એ જમીન ખરીદી હોય અને જમીન ટોચ મર્યાદા નીચે આવી ગઈ હોય તેને માત્ર નિયમિત્ત જ કરવાની છે અને નવી જમીન ખરીદે તો એને મંજૂરી આપવાની છે.

# કોન્સ્ટેબલો માટે પણ હવે ૩ રૂમ-રસોડાના મકાન બનશે

## પોલીસ પરિવારો માટે રાજ્ય સરકારનો નિર્ણય : પોલીસ આવાસ નિગમ લિમિટેડ દ્વારા ૭૮૪ કરોડના ખર્ચે અદ્યતન ડિઝાઇન કરી ચાર હજારથી વધુ મકાનો બનાવાશે

અમદાવાદ,તા.૨૨

રાજ્ય સરકારે પોલીસ કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને સુવિધાસભર રહેણાંક આવાસ મળી રહે તે હેતુસર વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પોલીસ કોન્સ્ટેબલથી માંડીને પીએસઆઈ કક્ષાના પોલીસ કર્મચારીઓના મળવા પાત્ર આવાસનાં ક્ષેત્રફળમાં વધારો કરીને પોલીસ પરિવાર માટે વધુ મોકળાશ વાળા અદ્યતન ડિઝાઈન સાથેના આવસ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને એ.એસ.આઈને પણ ત્રણ રૂમ રસોડાનું સુવિધાયુક્ત મકાન ફાળવવામાં આવશે. રાજ્ય સરકારનો આ નિર્ણય પોલીસ કર્મચારીઓને માનસિક સંતોષની લાગણી સાથે નિષ્ઠાપૂર્વક કામગીરી માટે યોગ્ય વાતાવરણ પૂરૂ પાડશે. રાજ્ય સરકારની સંપૂર્ણ માલિકી ધરાવતા જાહેર એકમ ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડ દ્વારા રૂ.૭૮૪ કરોડના ખર્ચે નવી અદ્યતન ડિઝાઈન તૈયાર કરી અલગ-અલગ જિલ્લાઓમાં ૪૦૧૨ મકાનોના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હોવાનું ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડના સિનિયર મેનેજર દ્વારા જણાવવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા પોલીસ, જેલ, હોમગાર્ડ તથા ન્યાય સહાયક વિજ્ઞાન વિભાગના રહેણાંક તથા બિન રહેણાંકના મકાનો બાંધવાની કામગીરી કરવામાં આવે છે. સારી સુવિધાઓ અને સગવડો ધરાવતા મકાનો માનસિક સંતોષની સ્થિતિ ઉત્પન્ન કરે છે અને નિષ્ઠાપૂર્વક સારી કામગીરી કરવા માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડે છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે નોકરીના કલાકો પર નજર નાંખ્યા વગર ખંતપૂર્વક ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ, આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેકટરના મકાનો માટે અગાઉ નિયત ધારાધોરણ મુજબ કક્ષા-'બી'ના મકાનો માટે વસવાટ લાયકબાંધકામનું ક્ષેત્રફળ ૪૧.૮૫ ચો.મી. આપવામાં આવતું હતું. જેમાં બે રૂમ રસોડાનો સમાવેશ થતો હતો. આ જ રીતે પોલીસ સબ ઈન્સ્પેકટરનાં મકાનોમાં એટેચ ટોયલેટ સહિતના એક બેડરૂમ સાથે ત્રણ રૂમ રસોડાના મકાન માટે ૫૫.૪૬ ચો.મી. વસવાટલાયક ક્ષેત્રફળ મુજબ બાંધકામ કરવાનું થતું હતું. પોલીસ કર્મીઓના કુટુંબીજનોને પાયાની યોગ્ય સુવિધાઓ અને જરૂરી સગવડો સાથે મોકળાશ મળી રહે તથા પ્રાઈવસી જળવાઈ રહે તે અંગે પૂરતું ધ્યાન રાખવાનો રાજ્ય સરકારનો અભિગમ રહ્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીની સંવેદનશીલ સરકાર દ્વારા રાજ્યનાં પોલીસ કોન્સ્ટેબલ તથા પોલીસ સબ-ઈન્સ્પેકટરના મકાનના વસવાટ લાયક ક્ષેત્રફળમાં વધારો કરવા તેમજ વધુ સુવિધા યુક્ત બનાવવા અંગે જાહેરાત કરી છે. રાજ્ય સરકારે કરેલી જાહેરાત મુજબ પોલીસ કોન્સ્ટેબલ માટેના કક્ષા-'બી'ના મકાનોમાં વધુ એક રૂમ બાંધવા તથા તે માટે વસવાટ લાયક ક્ષેત્રફળ ૪૧.૮૫ ચો.મી.થી વધારીને ૫૫.૦૮૮ ચો.મી. કરવા મંજૂરી આપી છે તે ઉપરાંત પોલીસ સબ-ઈન્સ્પેક્ટર માટેના કક્ષા-'સી'ના મકાનોમાં વસવાટ લાયક ક્ષેત્રફળ ૫૫.૪૬ ચો.મી.થી વધારીને ૬૪.૫૫ ચો.મી. કરવા મંજૂરી આપવામાં આવી છે. ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા સરકારના ઉપરોક્ત નિર્ણય અન્વયે કક્ષા 'બી' તથા 'સી' ના વસવાટ લાયક વધુ ક્ષેત્રફળ મુજબનાં મકાનોની નવી અદ્યતન ડિઝાઈન તૈયાર કરી દેવામાં આવી છે. શહેરી વિસ્તારોમાં લિફ્ટ તથા પાર્કિંગ સહિતના સુવિધા સભર બહુમાળી મકાનોનું બાંધકામ હાથ ધરવા નિર્ણય કરવામાં આવ્યો છે.

# ઈન્દુલાલ યાજ્ઞિકની જન્મ જયંતિ અવસરે પુષ્પાંજલિ

અમદાવાદ,તા.૨૨

મહાગુજરાત અને પ્રજાકીય આંદોલનના પ્રણેતા ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિકની તારીખ ૨૨મી ફેબ્રુઆરીના રોજ ૧૨૮મી જન્મ જયંતી નિમિત્તે વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના ભવ્ય તૈલચિત્રને વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તેમજ વિપક્ષના દંડક શૈલેષભાઈ પરમાર દ્વારા ભાવસભર પુષ્પાંજલિ આપવામાં આવી હતી. ઈન્દુચાચાના હુલામણા નામથી ઓળખાતા અને પત્રકાર તરીકે કારકિર્દીનો પ્રારંભ કરનાર ઈન્દુલાલ યાજ્ઞિકના જન્મદિવસના આ પ્રસંગે મંત્રીમંડળના સર્વે મંત્રીઓ, વિધાનસભાના સર્વે ધારાસભ્યઓ, વિધાનસભાના સચિવ, અધિકારીઓ, સ્ટુડન્ટ પોલીસ કેડેટ તેમજ માણેકબા પ્રાથમિક શાળા, અડાલજના વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને તેમના તૈલચિત્રને પુષ્પ અર્પણ કર્યા હતા.

# સરકાર માંગણી ન સ્વીકારે તો પહેલીથી હડતાળ માટે ધમકી

## એસટી, શિક્ષકો બાદ રેશનિંગ દુકાનવાળા લડાયક : વડાપ્રધાનના ભાઇ પ્રહલાદ મોદીના નેજા હેઠળ પાટનગર ગાંધીનગરમાં બે દિનના ધરણાં-દેખાવોના કાર્યક્રમ યોજાયા

અમદાવાદ, તા.૨૨

ગાંધીનગરમાં લોકસભાની ચૂંટણી જાહેર થયા પહેલાં જાણે આંદોલનની મૌસમ ખીલી ઉઠી છે. જેમાં સસ્તા અનાજની દુકાનો ધરાવતા રેશનીંગ વિતરકો તેમની દુકાનોમાંથી અપાતી ચીજવસ્તુઓના કમિશનમાં વધારા સહિતની પડતર માંગણી માટે રાજ્યભરમાં બે દિવસની હડતાળ પાડી ગાંધીનગરમાં ધરણાં પર બેઠા છે. આ ધરણામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાઈ અને ગુજરાત ફેરપ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસીએશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ પણ રાજ્યભરના રેશનિંગ દુકાનધારકો સાથે ધરણા કર્યા હતા. એસોસીએશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ સસ્તા અનાજની દુકાનદારોની સમસ્યાનું સરકાર દ્વારા યોગ્ય નિરાકરણ નહી આવે તો, તા.૧ લી માર્ચથી રાજયભરની રેશનીંગ દુકાનો બંધ કરી હડતાળ પાડવાની ચીમકી ઉચ્ચારી છે. ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં કરતાં સસ્તા અનાજની દુકાનો ધરાવતાં વેપારીઓ દ્વારા સરકાર સામે ભારે રોષ વ્યકત કરી સુત્રોચ્ચાર કરી દેખાવો કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગુજરાત વિધાનસભામાં રજૂ કરવામાં આવેલાં લેખાનુદાનમાં રેશનિંગ વિતરકોના કમિશનમાં વધારાની જાહેરાતને પ્રહલાદ મોદીએ ગેરમાર્ગે દોરનારી જાહેરાત ગણાવતાં જણાવ્યું હતું કે, નાણાં મંત્રી નીતિન પટેલ ગણિતમાં કાચા અને બોલવામાં પાકા હશે. પરંતુ હું માઁ ઉમિયાને પ્રાર્થના કરીશ કે નીતિન પટેલને સમજણ આપીને ગણિત શીખવાડો. ગુજરાત રાજ્યમાં રેશનિંગની દુકાનો ચલાવતા વેપારીઓની પડતર માંગણીઓના સંદર્ભે બે દિવસના ધરણાં અને પ્રદર્શન ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે યોજાવમાં આવ્યા છે. જેમાં કમિશન વધારવાની માગણી સાથે રાજ્યભરમાંથી આવેલા રેશનિંગની દુકાનો ચલાવતા અનેક વેપારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ પ્રસંગે વડાપ્રધાનના ભાઈ પ્રહલાદ મોદીએ જણાવ્યું કે, નીતિન પટેલે બજેટમાં રૂપિયા ૧૨૫ કમિશન પેટે ગુજરાતના રેશનિંગ વિતરકોને આપવાની જાહેરાત કરી છે. આ જાહેરાત જનતાને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવતાં તેમણે કહ્યું કે, હકીકતમાં ૨૦૧૪નાં વર્ષમાં કેન્દ્ર સરકારે પ્રતિ કિલોએ ૭૦ પૈસા અને ગુજરાત સરકારે પૈસા વધાર્યા હતા.

## પતંગોત્સવમાં ત્રણ કરોડથી વધુનો ખર્ચ થયો

# સરકારે બે વર્ષમાં વિવિધ ઉત્સવો પાછળ ૪૩ કરોડનો ખર્ચ કર્યો

ગાંધીનગર,તા.૨૨

ઉત્સવપ્રેમી તરીકે પંકાયેલી ગુજરાત સરકારે વિધાનસભામાં પાછલા બે વર્ષમાં ઉત્સવો પાછળ કરેલા ખર્ચની વિગત ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં પ્રસ્તુત કરી છે. વિધાનસભાના સત્રમાં સરકારે આંકડાઓ જાહેર કરી જણાવ્યું હતું કે સરકારે બે વર્ષમાં વિવિધ ઉત્સવો પાછળ ૪૩.૬૫ કરોડનો ખર્ચ કર્યો હતો.

સરકારે રણોત્સવ, પતંગોત્સવ અને નવરાત્રિ મહોત્સવમાં કરેલ ખર્ચના આંકડા જાહેર કર્યા હતા. આ ખર્ચમાં સરકારે છેલ્લા બે વર્ષમાંરાજ્ય બહારના અને વિદેશી મહેમાનોની સરભરા માટે રણોત્સવમા ૭.૭૭ લાખનો ખર્ચ કર્યો હતો જ્યારે પતંગોત્સવમાં ૩.૨૯ કરોડ કરતા વધુનો ખર્ચ કર્યો હતો, જ્યારે નવરાત્રિ મહોત્સવમાં ૭૦ લાખ કરતાં વધુનો સરકારે ખર્ચ કર્યો હતો.

સરકારે વિધાનસભામાં પ્રશ્નોતરી કાળ દરમિયાન પૂછાયેલા સવાલોના જવાબ આપતા સમયે આ વિગતો આપી હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં સરકાર દ્વારા વિવિધ પ્રકારના ઉત્સવો યોજવાાં આવે છે, જેમાં રણઉત્સવ અને પતંગોત્સવમાં વિદેશી મહેમાનો પણ આવે છે. જ્યારે મોટા તહેવારોની રાજ્ય સરકાર દ્વારા ઊજવણી કરવામાં આવતી હોવાથી તેની પાછળ આ ખર્ચ થાય છે.